# જૉયસ મૉયર

પ્રભુના સમયમાં વિશ્વાસનું શિક્ષણ

# ક્યારે, પ્રભુ, ક્યારે?

# ક્યારે, પ્રભુ, ક્યારે ?

## પ્રભુના સમયમાં
## વિશ્વાસનું શિક્ષણ

જૉયસ માયર

JOYCE MEYER
MINISTRIES
Nanakramguda, Hyderabad - 500 008

When, God, When? - *Gujarati*

*Printed at*
Caxton Printers,
Hyderabad-500 004, India

# અનુક્રમણિકા


*પ્રસ્તાવના*

1. સમય અને શ્રદ્ધા 7

2. યોગ્ય ઋતુ 2

3. નિર્ધારિત સમય 17

4. કહેણ 19

5. તૈયારી 21

6. અલગ તારવણી 29

7. પ્રતીક્ષા કરવામાં થાક લાગે છે ? 33

8. ધીરજ, મહેરબાની કરીને ! 39

9. મારું સ્વપ્ન ક્યારે સાકાર થશે? 43

નવજીવનનો અનુભવ 45

લેખિકા વિશે 48

# પ્રસ્તાવના

આપણે એવા પ્રભુની સેવા કરીએ છીએ જે બધું જ જાણે છે અને આપણાં પર સતત નજર રાખે છે. પ્રભુ કદી નવાઈ નથી પામતા. એને કશું પણ બનવાની પહેલાંથી જાણ હોય છે. ગીતશાસ્ત્ર ૧૩૯ કહે છે કે આપણાં વિચારતાં પહેલાં એને આપણાં વિચારોની ખબર હોય છે. અને હજુ ન બોલાયલા શબ્દોની પણ. આપણાંમાંથી મોટા ભાગના લોકોને જરૂર છે શ્રદ્ધા વિકસાવવાની અને આપણી અંદર ઊઠતા એ મોટા પ્રશ્નને ચૂપ કરવાની કે– 'ક્યારે ?'

કારણ કે એ પ્રશ્ન સહેલાઈથી મટે એવો નથી. મેં આ પુસ્તક લખ્યું છે એ સમજણ લોકો સુધી પહોંચાડવા જે પ્રભુએ કૃપાળુ થઈ ને મને આપી. મેં મારાં જીવનનો મોટો ભાગ અધીરાઇ, અકળામણ અને નિરાશામાં વીતાવ્યો. ઘણાં અનુભવોથી હું શીખી છું એના પર શ્રદ્ધા રાખતાં– જે બધુ જાણે છે.

# 1
# સમય અને શ્રદ્ધા

'' પણ હે યહોવ, મને તારો વિશ્વાસ છે, મેં કહ્યું, તું મારો દેવ છે.

'' મારાં સર્વ પ્રસંગો તારા હાથમાં છે, મારાં શત્રુઓના હાથમાંથી તથા મને સતાવનારાઓથી મને છોડાવ.

(ગીતશાસ્ત્ર ૩૧ : ૧૪, ૧૫)

આ પ્રકરણમાં ગીત શાસ્ત્ર રચનાર કહે છે કે, એણે ઈશ્વરમાં શ્રદ્ધા રાખી એને ઉગારવા માટે અને એ પણ ખરી વેળાએ. શ્રદ્ધાથી કહેવાની જરૂર છે. મારાં સર્વ પ્રસંગો તારા હાથમાં છે. (વિવરણ).

હું એ સમજી છું કે આપણે શ્રદ્ધાથી સ્વીકારવું પડે કે કોઈ કોઈ પ્રશ્નો અનુત્તર રહેશે અને આપણાં પ્રસંગો પ્રભુને સોંપી દેવા- એ વિશ્વાસ સાથે કે આપણે બધા જવાબો નથી જાણતાં, એ જાણે છે. એ બરાબર જાણે છે આપણાં જીવનમાં એણે ક્યારે, શું કરવું તે. આપણે બધાં ઈચ્છા અને આશા રાખીએ છીએ કે આપણાં જીવનમાં સારું સારું હમણાં જ થાય- પછીથી નહીં.

જેમ જેમ આપણે ખ્રિસ્તી જીવનમાં પરિપક્વ થતાં જઈએ, તેમ તેમ આપણે શીખતાં જઈએ દરેક વસ્તુ માટે 'હમણાં જ નહીં'. પણ પ્રભુ કરે

ત્યારે. હિબ્રૂઓ ૧૧:૧ કહે છે, ‘હવે વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની ખાતરી છે. અને અદશ્ય વસ્તુઓની સાબિતી છે. આપણે વિશ્વાસ હમણાં જ રાખી શકીએ, પણ એનું પ્રગટ પરિણામ હંમેશા હમણાંજ ન પણ હોય.

પ્રભુમાં શ્રદ્ધા રાખતાં ઘણી વાર એવું પણ બને કે આપણને ખબર ન પડે કે જે જરૂરી છે તે પ્રભુ કેવી રીતે અને ક્યારે પાર પાડશે. આપણે હંમેશા કહીએ છીએ કે ‘‘પ્રભુ કદી મોડા નથી હોતા’’. પણ એ સામાન્ય રીતે વહેલા પણ નથી હોતા. કેમ ? કેમ કે એવા પ્રસંગોમાં આપણી શ્રદ્ધાની કસોટી એ કરે છે, અને પ્રતીક્ષા કરવાના સમયમાં આપણો વિકાસ થાય છે.

અમારા એક ભાગીદારને તાજેતરમાં પ્રભુ પાસેથી આર્થિક સહાયની જરૂર હતી. અણધાર્યા કર ભરવા માટે. કર એપ્રિલની ૧૫ તારીખે ભરવાના હતા. એ દંપતિએ પ્રભુવચનમાં જીવનને ખાસ વિશિષ્ટ પ્રાર્થના કરી. એમને જરૂર હતી એ ચમત્કાર માટે પ્રભુમાં વિશ્વાસ રાખવાથી. એમની પાસે કર ભરવાના પૈસાની વ્યવસ્થા થઇ ગઈ. એપ્રિલની પહેલી કે પાંચમી કેમ નહીં ? પ્રભુ કેમ કોઈ કોઈ વાર છેલ્લી ઘડી સુધી રાહ જુએ છે ?

એનું કારણ છે કે પ્રભુ આપણને વિશ્વાસનો પાઠ ભણાવે છે ! વિશ્વાસ વારસામાં નથી મળતો. એ શીખવો પડે છે. જેમાં વિશ્વાસની જરૂર હોય તેવા અનુભવોમાંથી પસાર થવા થી આપણે પ્રભુમાં વિશ્વાસ રાખતાં શીખીએ છીએ. પ્રભુની વિશ્વસનીયતા વારંવાર જોવાથી આપણે આપણી જાત પર ભરોસો કરવાનું છોડી, ધીમે ધીમે પ્રભુના અંતરિયાળમાં પ્રવેશી એનામાં વિશ્વાસ મૂકીએ છીએ.

આ રીતે જોવાથી, એ સમજવું સહેલું થાય છે કે કઈ રીતે પ્રભુનો વિશ્વાસ કરવામાં સમય મહત્ત્વનો ભાગ ભજવે છે. આપણે જે માંગીએ તે એ જો તરત જ કરી દે તો આપણો કદી વિકાસ કે પ્રગતિ થાય જ નહીં. સમય અને વિશ્વાસ જોડકાં છે. સાથે સાથે કામ કરે છે.

# 2
# યોગ્ય ઋતુ

લેવીય ૨૬:૪ કહે છે ''હું તમને ઋતુએ વરસાદ આપીશ''. ગલાતીઓ ૭:૯ (વિસ્તૃત) કહે છે કે આપણે સારું કરતાં કે ખાનદાની થી વર્તતાં હિંમત હારવી નહીં કે થાકવું કે ઝંખાવું નહીં કેમ કે જો કાયર ન થઇએ તો યોગ્ય અને નિર્ધારિત સમયે આપણે લણીશું. અને પિતર પહેલાના ૫:૬ માં આપણને ઉપદેશ અપાયો છે (પોતાની જાતને) 'નમાવવા' માટે 'દેવના સમર્થ હાથ નીચે, જેથી તે (આપણને) યોગ્ય સમયે ઉચ્ચ પદે મૂકે.

યોગ્ય ઋતુ કે યોગ્ય સમય ક્યારે હોય છે ? મારા માનવા પ્રમાણે જ્યારે પ્રભુને લાગે કે આપણે તૈયાર છીએ. જ્યારે લાગતા વળગતા બધા જ તૈયાર હોય અને જ્યારે એ પ્રભુની સનંદી યોજનામાં બંધ બેસતું હોય ત્યારે. આપણા દરેકના જીવન માટે પ્રભુની વ્યક્તિગત યોજના હોય છે પણ સમગ્ર જાત માટે એની સનંદી યોજના પણ હોય છે.

મને યાદ છે એ સમય જ્યારે હું હતાશ થઇ ગઈ હતી કારણકે મારી ધર્મસભામાં કશું બનતું નહો તું. હું જાણતી હતી કે પ્રભુનો શબ્દ શીખવવા માટે પ્રભુએ મન પસંદ કરી હતી, છતાં એક પણ દરવાજો મારે માટે ખૂલતો ન હતો. દેખીતી રીતે મેં લાંબી પ્રતીક્ષા કરી હતી. મને લાગતું હતું કે હું તૈયાર હતી. હું પ્રભુને સહકાર આપતી રહી હતી. એણે મારી અંદર ઘણું કામ કર્યું હતું. અને હું સમજી નહોતી શકતી કે કશુંક બનતું કેમ નહોતું? મને યાદ છે, મેં પૂછ્યું, ''પ્રભુ, તમે હવે શેની રાહ જુઓ છો? શું હું હજી તૈયાર નથી?''

એણે એમ કહીને જવાબ આપ્યો કે, ‘‘તું છે, પણ તારી સાથે સંકળાનારા લોકોમાંથી થોડાક હજી તૈયાર નથી. હું હજી એમનામાં અમુક બાબતો પર કામ કરું છું. તારે હવે એમની રાહ જોવી પડશે.

પ્રભુ લોકોને ધકેલતા કે હડસેલતા નથી, નથી તકાજો કરતા કે નથી છેતરતા, કે નથી જબરજસ્તી કરતા. એ દોરવણી કરે છે, માર્ગદર્શન આપે છે, પ્રેરણા આપે છે અને સૂચનો કરે છે. દરેક વ્યક્તિની જવાબદારી છે કે પોતાની ઈચ્છા શક્તિ પ્રભુને સોંપી દેવી, એનો હેતુ પાર પાડવા માટે. કોઈ વાર એક વ્યક્તિ કરતાં બીજી વ્યક્તિને એમ કરવામાં વધુ વખત લાગે છે.

એટલે જો પ્રભુ લોકોનું એક જૂથ, કે એક ટુકડી વિકસાવતા હોય જે સાથે કામ કરવાના હોય, તો એમાંથી કેટલાક લોકો અન્ય કરતાં કદાચ વહેલાં તૈયાર થઈ જાય. આ ખાસ કરીને અઘરું પડે છે કેમકે જન્મના (શરૂઆતના) તબક્કામાં એમને પ્રભુની યોજનાની જાણ નથી હોતી. અને ઘણીવાર તેઓ હજી એક બીજાને ઓળખતા પણ નથી હોતા.

આનું એક ખૂબ સરસ દૃષ્ટાંત છે કોઈ અપરિણીત વ્યક્તિની સંપૂર્ણ યોગ્ય સાથી માટેની પ્રાર્થના. પ્રભુ, વાસ્તવમાં, એ સાથીને તૈયાર કરતા હોય છે, પણ પ્રાર્થના કરનાર રાહ જોતાં થાકી જાય છે કેમકે એને ખબર નથી હોતી કે અંદરખાને શું ચાલી રહ્યું છે. જે પરિપક્વ ખ્રિસ્તી હોય, આત્માના ફળમાં વિકસિત અને આખા દિવસની ધર્મસભામાં જે બોલાવાયેલ હોય તેવા સાથી માટે પ્રાર્થના કરનારે, પોતાની આ ખાસ માગણી પૂરી થાય તે માટે રાહ જોવા તૈયાર રહેવાની જરૂર પણ પડે.

ડેવને હું જલ્દી મળી ગઈ, પણ એની પ્રાર્થના તકાજાવાળી નહોતી. એણે પ્રભુ પાસે પત્ની માંગી, જે એને માટે બરાબર હોય, અને એણે પ્રભુને કહ્યું કે તે એવી કોઈ હોય જેને મદદની જરૂર હોય. એણે વારંવાર પ્રાર્થના કરી લગભગ છ મહીનાથી વરસ સુધી. અમે મળ્યા. પાંચેક વાર સાથે ફરવા ગયાં અને પરણી ગયાં. ૧૯૯૪માં આ ચોપડી પ્રગટ થાય છે ત્યારે અમારા લગ્નને અઠયાવીસ વર્ષ થયાં છે. ડેવ હંમેશા કહેતો આવ્યો છે કે અમે પહેલી વાર સાથે બહાર ગયાં ત્યારે જ એ સમજી ગયો હતો કે હું જ એને માટે યોગ્ય છું. પણ મને લગ્ન માટે પૂછવા માટે એણે થોડી પ્રતીક્ષા કરી કારણ કે એ મને ડરાવી દેવા નહોતો ઈચ્છતો.

લગ્નના ત્રણ જ અઠવાડિયા પછી, એ એક નિર્ણય પર આવ્યો કે મારે ઘણી ઘણી સમસ્યાઓ હતી અને મને મદદની જરૂર હતી. ડેવને એની પ્રાર્થનાનો જવાબ મળ્યો પણ એને ઘણી મુશ્કેલીઓ પણ વેઠવી પડી જ્યારે હું પ્રભુમાં વિકસતી હતી અને મારા અત્યાચારી ભૂતકાળની મારા પર થયેલી અસરો પર વિજય મેળવતી હતી.

પ્રભુ જાણતા હતા કે ડેવ મારી સાથેના ખરબચડા વર્ષો સાચવી લઈ શકે એટલો પરિપક્વ છે, એથી ડેવની પ્રાર્થનાનો એણે જલ્દી જવાબ આપ્યો. જેને ઘણી સમસ્યાઓ હોય તેવી વ્યક્તિને મદદ કરવા માટે એની પાસે પૂરતી શક્તિ હતી. એ રીતે પ્રભુના ઉપયોગમાં આવવા માટે ડેવ રાજી હતો, અને પ્રભુએ એનો ઉપયોગ કર્યો. જો એ આ બધું કરવા અસમર્થ હોત અથવા તો એણે કોઈ વધુ પૂર્ણ સાથી માટે પ્રાર્થના કરી હોત તો કદાચ પ્રભુએ જવાબ આપવામાં મોડું કર્યું હોત, વધુ યોગ્ય સમય સુધી, ભગવાને

મારા જીવનમાં મોટી વસ્તુઓ કરી મને એ જગાએ પહોંચાડવા સુધી, જેવી ડેવની વિનંતી હતી.

મારા કહેવાનો મુદ્દો એ છે કે જ્યારે આપણે પ્રભુની પ્રતીક્ષામાં હોઈએ ત્યારે એ સમજવું આવશ્યક છે કે પ્રભુ ક્યારે પ્રભુ આપણી પ્રાર્થનાનો જવાબ આપવા સારુ કદાચ ઘણા લોકોના જીવનમાં ઘણું ઘણું કરતા હશે. એ વિશ્વાસ રાખવાથી પ્રતીક્ષા વધુ સહી શકાય તેવી બને છે.

ચાલો, 'યોગ્ય સમય'નો વિચાર કરીએ આર્થિક વૃદ્ધિના સંબંધમાં યોહાન ત્રીજો. ૨ કહો છે કે 'વહાલા, હું પ્રાર્થના કરું છું કે જેમ તારો આત્મા કુશળ છે તેમ તું સર્વ વાતે કુશળ તથા તંદુરસ્ત રહે.'' 'જેમ તારો આત્મા કુશળ છે.' એ વાક્ય આપણને જણાવે છે કે પ્રભુની આબાદીનો આધાર આપણી પરિપક્વતા પર છે. 'જેમ તારો આત્મા કુશળ છે.' નો ઈશારો છે કે કેટલા જલ્દી આપણે પ્રભુને આપણું મન, ઈચ્છા અને લાગણીઓને એની ઈચ્છા સાથે મેળવવા દઈએ છીએ.

પરિપક્વતા એક ક્રિયા છે. જેમાં સમય લાગે છે. કેટલો સમય લાગે એનો આધાર પ્રભુની યોજના પર અને આપણે એ યોજનામાં કેટલો અને કેવો સહકાર આપીએ છીએ એના પર છે. પ્રભુ આપણને ખૂબ પ્રેમ કરે છે એટલે જેને સાચવવા આપણે પૂરતા પરિપક્વ ન હોઈએ તેવી આબાદી એ આપણને નહીં આપે. તેથી એ આપણને ગલાતીઓ ૬:૯ માં કહે છે 'સારું કરતાં થાકવું નહીં, કેમકે યોગ્ય ઋતુમાં આપણે લણીશું'' યોગ્ય ઋતુ, એટલે જ્યારે પ્રભુને લાગે કે આપણે તૈયાર છીએ, આપણે વિચારીએ કે આપણે તૈયાર છે ત્યારે નહીં.

વધુ પડતા આશીર્વાદ, બહુ જલ્દી મળે તો તો માણસને અહંકારી બનાવી દઈ શકે છે; તેથી બાઈબલ સૂચના આપે છે કે નવા શિખાઉ કે નવા ધર્માન્તર કરેલા માણસને આગેવાની ન આપવી. તેઓ પૂરતાં પરિપક્વ નથી હોતાં અને આવી વાત તેમને અભિમાનમાં ઊંચકાઈ જવાનું કારણ બની શકે છે. (૧ તિમોથી ૩:૬)

આપણા જીવનમાં દરેક વસ્તુનો એક સમય હોય છે. અને પ્રભુના નિશ્ચિત સમયમાં આપણી સલામતી છે. હું પ્રાર્થના કરું છુ પ્રભુની સંપૂર્ણ મરજીમાં અને એના સમયમાં રહેવા માટે એક ડગલું આગળ નહીં કે એક ડગલું પાછળ નહીં.

# 3
# નિર્ધારિત સમય

ઈસુએ પોતાના શિષ્યોને 'પ્રેરિતોનાં કૃત્યો' પ્રકરણ ૧: ૬ થી ૮માં કહ્યું, જ્યારે તેઓએ એને આખરની વેળા વિશે પ્રશ્નો પૂછ્યા, કે જે કાળ અને સમય બાપે પોતાના અખત્યારમાં રાખ્યા છે, તે જાણવાનું તેમનું કામ ન હતું.

શિષ્યો હજી એમ વિચારતા હતા કે ઈસુ પૃથ્વી પર રાજ્યની સ્થાપના કરશે. તેઓએ એને પૂછ્યું કે એ ક્યારે રાજ્યનું ફરીથી સ્થાપન કરી ઈસ્રાયએલનો પાછું આપશે.

ઈસુ તેઓને સમજાવી નહોતા શકયા કે એ આધ્યાત્મિક રાજ્ય સ્થાપવાનો હતો, અને એનું રાજ્ય તેઓની અંદર હશે. બાઈબલ આપણને ચેતવે છે કે કહાપણ વગરનું જ્ઞાન ખતરનાક છે. ઈસુ જો એમને કહેત કે એ રાજ્યનું સ્થાપન ક્યારે કરશે તો આફત થઈ જાત કેમકે તેઓ તો એ શું હતું તે પણ સમજતા ન હતા.

ઘણી વાર આપણને 'ક્યારે' વિશે માહિતી જોઈતી હોય છે અને પ્રભુ એ આપી શકતા નથી કારણકે આપણામાં એ જાણકારી જીરવવા માટે પૂરતું ડહાપણ નથી. હબાકકુક ૨:૩ (વિસ્તૃત) કહે છે કે,

''કેમકે એ સંદર્શન હજી નીમેલા વખતને માટે છે, કેમકે તે પૂર્ણ થવાને તલપાપડ કરી રહ્યું છે, તે ખોટું પડશે નહીં; જો કે તેને વિલંબ થાય, તો પણ

તેની વાટ જો; કેમ કે તે નક્કી આવશે, તે તેના નીમેલા દિવસે વાર લગાડશે નહીં.'' એક દિવસ પણ મોડું નહીં પડે.

નીમેલો વખત, કે નિર્ધારિત સમયનો અર્થ માત્ર એટલો જ કે જ્યારે પ્રભુને લાગે કે સમય પાકી ગયો છે. આપણે આપણી જાતને અને આપણા વિચારોને પ્રભુના ડહાપણ અને શક્તિ સમક્ષ નમ્ર બનાવવા જોઈએ અને પ્રભુનો વિશ્વાસ કરવો જોઈએ જ્યારે એ કહે કે હું વિલંબ નહીં કરું.

નિર્ધારિત સમય નો અર્થ એ પણ થાય છે કે અમુક કારણોસર અગાઉથી નક્કી થઈ ગયેલો વખત. કોઈને કશે મળવાનો સમય નક્કી કરાયો હોય તે રીતે. એ સમય થાય ત્યાં સુધી અંદર પ્રવેશ મળે નહીં, એ જ પ્રમાણે આપણા જીવનની કેટલીક બાબતો માટે પ્રભુએ સમય નક્કી કરી રાખ્યા છે. આપણે ઠરીઠામ થઈ ને ધીરજ પૂર્વક પ્રતીક્ષા કરવામાંજ સાર છે. કારણકે ત્યારે જ અને તોજ એ બનશે. નહીં તો નહીં.મને યાદ છે એ સમય જ્યારે હું હતાશ થઇ ગઈ હતી કારણકે મારી

# 4
# કહેણ

પ્રભુ જ્યારે કોઈ વ્યક્તિને અમુક ચોક્કસ કામ કરવા બોલાવે, પછી એમને પ્રસ્થાપિત કરે અને આગળ ઉપર એ કામ કરવા જુદા પાડે, તે વાત ત્રણ જુદા સમયગાળા દરમ્યાન બની શકે છે, અને લગભગ એમ જ બને છે. ઘણીવાર ત્રણે બનાવોની વચ્ચે મોટા સમયગાળા પસાર થતા હોય છે, ખાસ કરીને જો પ્રભુ એ વ્યક્તિનો મોટા પાયે ઉપયોગ કરવાનો હોય તો. મોટા પાયે એટલે જરૂરી નથી કે વિશ્વવ્યાપી. મોટા પાયે એટલે એવી રીતે કે જેથી ઘણા બધા લોકો પર અસર થાય. આ અને આના પછીના બે પ્રકરણોમાં આપણે આ દરેક બનાવો વિશે અલગથી જોઈશું.

જ્યારે પ્રભુ કોઈના જીવનમાં કહેણ મોકલે છે, તો એ અચાનક આવતું કંઈ હોઈ શકે છે, અથવા તો એવું કંઈ જેની એ વ્યક્તિને હંમેશાથી જાણ હોય. મને ક્યાંક વાંચ્યાનું યાદ છે કે અમેરિકાના એક પ્રમુખે એક મુલાકાતમાં કહ્યું હતું કે પોતે ઘણા નાના હતા ત્યારથી એની હંમેશા એવી તીવ્ર ઈચ્છા હતી, અને જાણે 'અંતરમાં જાણતા હતા' કે પોતે કોઈક દિવસ અમેરિકાના પ્રમુખ બનશે.

મને પણ કહેણ અચાનક જ આવ્યું. એક દિવસ હું મારી પથારી કરતી હતી અને મને દેવનો અવાજ આવ્યો, ''તું બધે ફરીને મારો શબ્દ શીખવવાની છે અને તારી મોટી ધર્મસભા થશે. શીખની ટેપોની'' એ સંભળાય એવો અવાજ ન હોવા છતાં મારી અંદર એ મોટેથી અને સ્પષ્ટ સંભળાયો અને એ

જ ક્ષણથી પ્રભુનો શબ્દ શીખવવાની તીવ્ર અને અદમ્ય ઈચ્છા મારા આખા અસ્તિત્વને ઘેરી વળી.

એ દિવસ પહેલાં મને કદી કલ્પના પણ નહોતી કે લોકોને ઉપદેશ આપવા અને પ્રભુવચન શીખવવા માટે મને કહેણ આવ્યું છે. જો કે હવે પાછું વળીને જોઉં છું તો વીતેલા જીવનના માર્ગમાં બીજા સંકેતો જોઈ શકું છું. પોતાના મનના ભાવો, બોલીને લખીને સ્પષ્ટ સમજાય તે રીતે વ્યકત કરી શકવાની આવડત મારામાં પહેલેથી હતી. વિદ્યાર્થીઓના મનને ઢંઢોળી તેઓને મહાન કાર્યો માટે પ્રેરણા આપવા માટે, હાઈસ્કૂલના અમારા પદવી સમારંભની શરૂઆતમાં ભાષણ આપવા માટે પણ મને કહેવામાં આવ્યું હતું. મેં વિચાર પણ કર્યો હતો માનસશાસ્ત્રમાં આગળ અભ્યાસ કરીને ડીગ્રી લેવાનો. જેથી વ્યાવસાયિક રીતે હું લોકોને સહાય કરી શકું. મારા અને ડેવના લગ્નનાં ઘણા વર્ષો બાદ, હું ઈશ્વરની નજીક જતી હતી પણ મારા અત્યાચારી ભૂતકાળને લીધે ઉભી થયેલી મારા જીવનની સમસ્યાઓ સાથે હજી સંઘર્ષ પણ કરતી હતી. અમને ત્યાં સુધીમાં ત્રણ બાળકો થયાં હતા, અને મને યાદ છે, રવિવારે સાંજે દેવમાંથી આવ્યા બાદ, બાળકો સૂઈ જાય પછી હું ખાટલામાં આડી પડતી. ઘરમાં શાંતિ અને અંધારું રહેતું. અને મનમાં ને મનમાં હું પાદરીએ આપેલું ઉપદેશનું ભાષણ દોહરાવતી. માત્ર આ વખતે દેવળની વ્યાસપીઠ પર પાદરીની જગ્યાએ હું મારી જાતને જોતી. મને જરા પણ ખ્યાલ ન હતો કે હું એવું શું કામ કરતી હતી. હવે જાણું છું.

તમને કહેણ ધીરે ધીરે આવી શકે છે અથવા તો અચાનક, પણ તમને બોલાવવામાં આવે તે જ ક્ષણથી તમને તૈયાર કરવાની ક્રિયા ચાલુ થઈ જાય છે.

# 5
# તૈયારી

તમને તૈયાર કરવામાં આવતા હોય તે દરમ્યાન, તમારી ઈશ્વરાર્પણ થવાની પ્રક્રિયા પણ તબક્કાવાર સમયસર ચાલતી જ હોય છે. ઈશ્વરાર્પણની પ્રક્રિયા એટલે, પ્રભુએ તમને જે કામ કરવા કહેણ આપ્યું હોય તેને માટે પવિત્ર આત્મા તમને આવડત આપે. પવિત્ર આત્મા તમને શીખવે છે, સુધારે છે, પવિત્ર કરે છે, સહાય કરે છે અને શક્તિ આપે છે. ઈશ્વરના ઉપયોગ ને યોગ્ય એવા રંગરૂપ આકારમાં આપણને ઘડે છે. આ ધ્યેય સિદ્ધ થતાં વર્ષોના વર્ષો પણ લાગી શકે છે.

મૂસાનો વિચાર કરો. એને પોતાના અંતરમાં સાદ સંભળાતો હતો કે એના જીવનનું ધ્યેય એના લોકોને ગુલામગીરીમાંથી ઉગારવાનું છે. એણે ઉત્સાહના આવેશમાં એક મિસરીને મારી નાખ્યો જે એક ઈસ્રાએલી સાથે ગેરવર્તાવ કરતો હતો, અને, પરિણામે, પછીના ચાળીસ વર્ષ એણે રણના પાછલા ભાગમાં વીતાવ્યાં, ભરવાડનું કાર્ય શીખતાં શીખતાં, પ્રભુને ઓળખવામાં અને નમ્રતા ધારણ કરવામાં એ અનુભવ મેળવતો હતો. કેળવણી, અનુભવ અને નમ્રતા વિનાનો માણસ, પ્રભુએ નક્કી કરલો સમય અને અતિ ઉત્સાહના આવેગ વચ્ચેનો ફરક સમજી શકતો નથી.

આપણને તૈયાર કરવાની પ્રક્રિયામાં આપણે કેટલો સહકાર આપીએ છીએ તે પ્રમાણે ઈશ્વરે સોંપેલા કામમાં આપણે પ્રસ્થાપિત થતાં જઈએ છીએ. યૂસફનો દાખલો જ લો, અસંખ્ય લોકોને ભૂખમરાથી બચાવવા સારુ

એને મિસરના રાજા બનવાનું પ્રભુએ કહ્યું હતું. એ નાનો છોકરો હતો ત્યારે એને આ વિષે સપનાં દેખાતાં હતાં. ઉત્સાહમાં એણે સપનાંની વાત પોતાના ભાઈઓને કહી. પોતાના નાના ભાઈ સમક્ષ ઝૂકવાની કલ્પના એ લોકોને ગમી નહીં. તેથી તેઓએ તેને વેચી નાખ્યો.

હવે યૂસફ કોઈનું બુરું નહોતો ઈચ્છતો. એ મીઠો છોકરો હતો, પણ દેખીતું છે કે એણે પોતાના સપનાઓમાં જે જોયું તે ભાઈઓને કહ્યું, એમાં ડહાપણ વિનાનું કૃત્ય હતું. પ્રભુએ એનાં જીવનમાં થોડાં મુશ્કેલી ભર્યા વર્ષો આવવા દીધાં, પણે એ વર્ષોએ એને ડહાપણમાં કેળવ્યો. એના અનુભવોએ એને એના જીવનકર્મ માટે તૈયાર કર્યો. કેટલીય વાર એ છેતરાયો. માત્ર એના કુટુંબથી જ નહીં, એ મિત્રોથી પણ જેમની સાથે એણે ખૂબ સારો વહેવાર રાખ્યો હતો અને જેમના પર એ વિશ્વાસ રાખતો હતો. એના માટે જૂઠું બોલાયું, ખોટા ચુકાદાઓ એની વિરુદ્ધ અપાયા અન શિક્ષા થઈ, એ બાબતોસર જેમાં એનો કોઈજ વાંક નહોતો, અને પોતાનાં સપનાં સાકાર થતાં જોવા એણે ઘણાં વર્ષો રાહ જોવી પડી.

આપણને બધાને આવા અનુભવો જુદી જુદી રીતે થાય છે જે આપણા વિકાસમાં મદદરૂપ થાય છે. એ અનુભવો આપણને પ્રભુની સેવા કરવા માટે અને કોઈ પણ સંજોગોમાં સ્થિર રહેવા માટે તૈયાર કરે છે. આપણી મુસીબતો પ્રભુ નથી લાવતા. શેતાન લાવે છે. શેતાનના મનમાં આપણો વિનાશ રમતો હોય છે– પણ પ્રભુ એની બીજી પલટાવી નાખીને આપણા ભલા માટે એનો ઉપયોગ કરે છે. યૂસફ પણ આ વાત જાણતો હતો કેમકે ઉત્પત્તિ ૫૦:૨૦માં એણે પસ્તાવો કરી રહેલાં પોતાના ભાઈઓને કહ્યું ''તમે મારું જે ભૂંડું કરવા ધાર્યું હતું, દેવે તેમાં ભલું કરવાનું ધાર્યું.''

જ્યારે પ્રભુએ મને એનો શબ્દ શીખવવા માટે બોલાવી, મારા કુટુંબે અને મિત્રોએ મને નકારી હતી, અને મને એ વાતનું ખૂબ દુઃખ થયું હતું. હું એકલી પડી ગઈ હતી. મારા વિષે ગેરસમજણો ઊભી થઈ હતી. લોકો મારે વિષે ખોટું ધારતા અને ભૂંડું બોલતા. જોકે હું પણ અભિમાની, આવેશ અને મૂર્ખ ઉત્સાહથી ભરપૂર હતી. હું મારામાંજ મગ્ન હતી. જો કે દરેક જણ હોય જ છે, જ્યાં સુધી તૈયારીની પ્રક્રિયામાંથી પોતે પસાર ન થાય ત્યાં સુધી.

તમે જો એમ વિચારતા હો કે, ''હું નહીં- મને આવી કોઈ સમસ્યા નથી! તો મારું સૂચન છે કે તમને તમારી જાત માટે આઘાતજનક સમાનતા થશે ! અને જ્યા સુધી તમે 'દેવના સમર્થ હાથ નીચે' પોતાને 'નમાવશો' નહીં ત્યાં સુધી તમારો યોગ્ય સમય ક્યારેય નહીં આવે (પિતર પહેલો ૫ઃ૬)

હું હવે પાછું વળીને જોઉં છું તો મારી ધર્મસભાના વિકાસના તબક્કાઓ સ્પષ્ટ જોઈ શકું છું જે મારા વ્યક્તિગત વિકાસ અને વિકસતા ઈશ્વરાર્પણ સાથે સંકળાયેલા છે.

## ઘરમાં બાઈબલનો અભ્યાસક્રમ

આરંભના એક તબક્કામાં પ્રભુએ મને સૂચન કર્યું, મારી સારા પગારની, આખા દિવસની નોકરી છોડી દેવાનું, ધર્મસભા માટે તૈયારી કરવા માટે, જે આખરે મેં કર્યું એ નિર્ણયથી અમારી આવક અડધી થઈ ગઈ. પ્રભુ અમારી જરૂરિયાતો હંમેશા પૂરી કરતા, પણ એ વર્ષે અછતના હતાં.

મેં ઘરમાં બાઈબલનો અભ્યાસ શીખવવાથી શરૂઆત કરી. શરૂઆતમાં અઢી વર્ષ હું અઠવાડિયામાં એક વાર શીખવતી. પણ એ મીટીંગો એટલી તો મોટી થઈ ગઈ કે મેં બે મીટીંગોમાં શીખવવા માંડ્યું. એક સવારે અને

એક સાંજે ડેવ અને હું એ સમયે ખૂબ કપરી આર્થિક ભીંસ અનુભવતા હતા તેમ છતાં, એ મીટીંગોમાંથી મને એક પણ પૈસો નહોતો મળતો.

જે લોકોને અમે શીખવતા હતાં, લગભગ દરેક મીટીંગમાં પચ્ચીસ જણ, તેઓનો વિરોધ હતો અમારે માટે કંઈ પણ દાનભેટ રૂપે મળે એનો, અમારી અમુક દેખીતી જરૂરિયાતો હતી તેમ છતાં. મારે માટે ઘણું કપરું હતું, પણ એને લીધે શીખવવા પાછળના મારા હેતુ સ્વચ્છ થઈ ગયા. મેં ચાલુ જ રાખ્યું, એટલે સ્પષ્ટ હતું કે હું પૈસા ખાતર નહોતી કરતી. જો કે કોઈ કોઈવાર લોકો તરફ અણગમો ન રાખવાનું અઘરું પડતું હતું, પણ અંતે હું સમજી કે બધું જે પ્રમાણે બનતું હતું એનું કારણ એ હતું કે પ્રભુ મને જાણવા દેવા નહોતા માગતા કે મારાં અનાજપાણી ક્યાંથી આવવાના છે.

મારા સ્રોત તરીકે એ પોતાની સ્થાપના કરવા માંગતા હતા, અને એ માટે સમય લાગે છે અને જે કપરી પરિસ્થિતિઓમાંથી આપણે ભાગી છૂટવું હોય તે બધી સહન કરી લેવી પડે છે.

ઘણા ભાગી જાય છે. તેઓને બોલાવવામાં આવ્યા હોય છે, પણ તેઓ તૈયારીનો સમય સહન કરવા તૈયાર નથી હોતા તેથી બોલાવાયેલા લોકોમાંથી એમને પસંદ કરવામાં નથી આવતા. માથ્થી ૨૦:૧૬ (વિસ્તૃત) કહે છે, ''ઘણાને બોલાવાય છે, પણ થોડાજ પસંદ થાય છે'' ''કોઈક ભાષણકર્તાને મેં કહેતાં સાંભળ્યા હતા કે ''ઘણાને બોલાવવામાં આવે છે, પણ થોડાજ એમાં રહેલી જવાબદારી સ્વીકારવા તૈયાર હોય છે.''

વિસ્તૃત બાઈબલ માં તિમોથી ૨:૧૫નો અનુવાદ આ કહેણ માટેથી આપણી જવાબદારી જરા વિસ્તારથી સમજાવે છે, અભ્યાસ કરો અને આતુર

રહો, અને પ્રભુને પસંદ પડે એવી રીતે (કસોટીમાંથી પાર ઉતરેલા) એની સામે પોતાની જાતને રજૂ કરવા તમારાથી બનતું બધું કરો.'

એક મજદૂર કે કારીગર, જેને શરમાવાનું કોઇ કારણ નથી, જે સાચી રીતે પૃથકકરણ કરે અને બારીકી તથા ચોકસાઇથી વિભાજન કરે (સાચી રીતે હાથે ધરીને કુશળતાથી શીખવે) સત્યનો શબ્દ.

ઘરના દીવાનખાનામાં પચ્ચીસ લોકોને શીખવવાના વર્ષો દરમ્યાન, પ્રભુને મને ધર્મસભા વિશે ઘણું બધું શીખવ્યું.

## અભરાઈ પર મૂકાઈ

પછી, લગભગ એક આખું વર્ષ, મેં સભામાં કશું જ કામ ન કર્યું. ઘરમાં બાઈબલનો અભ્યાસ કરાવવાનું બંધ કર. જો, હું નવું કાંઇ કરુ છું. બાઈબલ નો અભ્યાસ કરાવવાની મારી ઇચ્છા ગુમ થઈ ગઈ હતી. મને નવું બાળક આવ્યું હતું અને મારું દિલ અને પરિસ્થિતિ પ્રભુના એ શબ્દની હામી ભરનાં હતાં.

એક રીતે એ આજ્ઞા પાળવી અઘરી હતી. આખરે લોકો એ દર અઠવાડિયે અમને થોડું ઘણું આપવાની શરૂઆત કરી હતી. લગભગ ૫૦૦-૭૦૦ થી માંડી ૨૦૦૦-૨૫૦૦ ની વચમાં. પણ મહીનાને અંતે, બધું મળીને ઘણી મદદ થઇ જતી. હવે બીજા પગથિયે જવા માટે મારે ખર્ચાયાણી કાઢવાના એ માર્ગેથી ખસી જવા તૈયાર રહેવાનું હતું.

મારા ત્યાગ ભરેલા આજ્ઞાપાલન પછી મારો દેહ કઇ મહાન બનાવની અપેક્ષા રાખતો હતો, જો કે એક વર્ષ લગી કાંઇ જ બન્યું નહી ! કોઇ દ્વાર ખુલ્યું નહીં. ઘણી રીતે એ વર્ષ મારા જીવનના કપરામાં કપરા વર્ષોમાંનું એક હતું. હું પ્રભુને ચૂકી ગઈ હતી ? મેં મારો પૂરો ચિતાર તૈયાર કરી લીધો હતો ? એ ક્યારેય બનશે ખરું ? એ બને એ માટે હું શું કરી શકત ? પ્રભુએ કહ્યા કર્યું ‘‘છાની રહે અને (નિશ્ચે) જાણ કે હું દેવ છું- (ગીતશાસ્ત્ર ૪૬:૧૦)

કોઇ વાર શાંત રહીને પ્રભુ એ નિશ્ચિત કરેલા સમય માટે વાટ જોવી ખેટલીતો અઘરી હોય છે ! અત્યારે હું જેના વિષે તમને કહું છું તે એ વખતે હું નહોતી સમજતી. આપણે પાછું વળીને જોઈએ ત્યારે વસ્તુ વધુ સ્પષ્ટ રીતે સમજાય છે અને જ્યારે એમાંથી ગુજરતા હોઈએ. ત્યારે ઘણું ઓછું સમજાય છે. કોઇ કોઇ વાર પ્રભુ લોકો ને અભરાઈ એ ચડાવી ત્યાં બેસાડી રાખે છે. દેખાય એવું કે જાણે કંઈ બનતું નથી. પણ તો યે મનમાં, આત્મામાં ઘણી સિદ્ધિઓ હાંસલ થતી હોય છે. એ સમય છે વિકાસનો. જ્યારે કશું જ દેખાતું ન હોય ત્યારે મનમાં તાલમેળ બેસાડવો, સ્વચ્છ પવિત્ર થવું અને વિશ્વાસ કરવો.

## પછીના પાંચ વર્ષ

પ્રતીક્ષાના એ વર્ષના અંત ભાગમાં, દેવ અને હું એક નવા દેવળમાં જવા લાગ્યા. સેંટ લુઇસના વિસ્તારમાં તરતનું શરૂ થયું હતું. નાનુ હતું, લગભગ ત્રીસ લોકો, પણ અમારા હૃદયમાં મજબૂત સાક્ષી મળી હતી કે પ્રભુની ઈચ્છા હતી કે અમે ત્યાં જઈએ. થોડા સમય બાદ, મને તક આપવામાં આવી, દેવળમાં ગુરુવારે સવારે સ્ત્રીઓની મીટીંગ ચાલુ કરવાની, ખ્રિસ્તી

જીવન કેંદ્ર. એ મીટીંગ પ્રભુએ નીમેલી હતી, મારી સભા આગલા તબક્કા રૂપે અને એ પ્રભુએ નીયત કરેલો સમય હતો.

એના આશીર્વાદથી એ ખૂબ વધી. એની ચરમ સીમા પર, દર અઠવાડિયે ચારસો સ્ત્રીઓ હાજર રહેતી. છેવટે હું દેવળમાં આખો દિવસ કામ કરવા લાગી અને ત્યાં સહપાદરી બની. મારી નીમણૂક ખ્રિસ્તી જીવન કેંદ્ર વતી થઈ અને હું ત્યાં બાઈબલ વિદ્યાલયમાં ભણાવવા લાગી. દેવળે ત્યાર પછી મારો પહેલો રેડિયો કાર્યક્રમ યોજ્યો. જે સેંટ લુઇસમાં સંભળાવવામાં આવ્યો.

ત્યાં વીતાવેલા પાંચ વર્ષ દરમ્યાન હું ઘણાં અગત્યના પાઠ શીખી. એક વાત જે હું શીખી તે સત્તા સામે કઈ રીતે તાબે થવું. જેને સત્તા નીચે રહેવાનો અનુભવ ન હોય તે માણસ હાથમાં સત્તા લેવાને લાયક નથી. યાદ રાખજો, આજ્ઞાધીનતા એ માત્ર કરવાનું કાર્ય નથી, જીવન પ્રત્યેનું વલણ છે. જે કહેવામાં આવ્યું છે તે કરવાનું તમે કદાચ નકકી કરો, પણ આજ્ઞાધીનતાનો ભાવ તમારામાં જાગવો જોઇ એ. ખાસ કરીને હું હતી તેવા ભારે ઇચ્છાશક્તિ વાળા પોતાના મનના માલિક જેવા માણસ હો તો.

વખત જતાં, હું લોકોના જૂથ સાથે કામ કરવાનું અને જુદી જુદી જાતની સભાઓમાં પ્રવૃત્તિ કરવાનું શીખી. પ્રતીક્ષા બાબત પણ હું વધુ ઘણું શીખી. પ્રભુ યે મારા દિલમાં ઘણુ બધું મૂક્યું હતું, મારે ઘણું ઘણું કરવું હતુ, પણ ફરીથી એકવાર, હજી સમય નહોતો પાકયો- એટલે વધુ પ્રતીક્ષા વધુ શીખવાનું અને વધુ વિકાસ.

એ ખૂબ સરસ વર્ષો હતાં કપરાં વર્ષો, હાસ્ય અને રુદન થી ભરેલાં. એ બધાંની વચ્ચે ખ્રિસ્તી જીવન કેંદ્રના પાદરીઓ રીક અને ડૉના શેલ્ટન, અને

ડેવ અને હું સારામાં સારા મિત્રો બની ગયાં અને હજુ સુધી છીએ. અમે બધાં સાથે વિકાસ પામ્યાં.

હું એ સમજી છું કે જ્યારે લોકો સાથે વિકાસ પામે છે. ત્યારે જો તેઓ એકબીજાની આશા છોડી ન દે તો, સાધારણ રીતે, એક એક સાથી ગાઢ સંબંધોના તાણાવાણા થી સદાને માટે ગુંથાઇ રહે છે. એમ કહી શકાય કે, જ્યારે ગુંચવણો ઉકેલાતી હોય છે ત્યારે બીજી બાજુ તમે સાથે ગુંથાતા જાઓ છો.

જ્યારે ખ્રિસ્તી જીવન કેન્દ્રમાં ૧૨૦૦ લોકો જમા થઈ ગયા ત્યારે કર્મચારીઓ એમના નવા નકોર, સુંદર મકાનમાં બધુ ખસેડવાના કામે લાગી ગયા. બધું જ વિજય અને ઉત્તેજનાથી છલકાતું હતું જ્યારે પ્રભુ ફરીથી બોલ્યા.

# 6
# અલગ તારવણી

*શબ્દમાં જીવનનો આરંભ*

**યા**દ છે પ્રભુ મારી સાથે પહેલાવહેલાં ક્યારે બોલ્યા હતા ? હું જ્યારે પથારી કરતી હતી ત્યારે ‘કહેણ’ આવ્યું હતું, અને પ્રભુ એ કહ્યું હતું, ‘‘તું ઠેકઠેકાણે ફરશે... અને ઉપદેશની ટેપો બનાવતી મોટી ધર્મસભા રચશે.’’ તૈયારીના વર્ષો દરમ્યાન એ નાના પાયે ફળીભૂત થયું હતું, પણ બીજા ક્ષેત્રોમાં ભવિષ્યનો ચિતાર મોટો થયો હતો.

એક દિવસ પ્રાર્થનામાં, ફિલિપ્પીઓ ૨:૧૬ ના શાસ્ત્રવચને મારા મનમાં બહુ જ અસરકારક રીતે જ્ઞાનનો ઉજાસ પાથર્યો. એમાં કહ્યું હતું, ‘‘પકડી રાખવાનું (એને) (જગત) અને આપવાનું (બધા જ લોકો ને)જીવનનો શબ્દ...’’ એ દિવસે મને સ્ફૂરણા મળી રેડિયો દ્વારા સમસ્ત દેશના લોકો સુધી પહોંચવાની.

એ સમયે હું કોઇ રેડિયો સ્ટેશન પર નહોતી. અલગ અલગ સ્થળોએ ફરી હતી પણ આધે કશે નહીં. મારા દિલમાં ઘણું વધારે ભર્યું હતુ, પણ મેં વિચાર્યું કે પ્રભુ એ બધું મને ખૂબ ગમતા, ખ્રિસ્તી જીવન કેંદ્રના મારા કામમાં વણી લેશે. પણ પ્રભુની યોજના કંઇ જુદી જ હતી.

નીતિવચનો ૧૬:૯ કહે છે, ‘‘માણસનું મન પોતાના માર્ગની યોજના કરે છે. પણ તેના પગલાં ચલાવવાનું યહોવાના હાથમાં છે.’’ મેં યોજના

બનાવી હતી. હું માનતી હતી કે એ પ્રભુની યોજના હતી, પણ એ ફરીથી બોલ્યા અને કહ્યું, તારી પાસે અહીં કરાવવાનું મારું કાર્ય પૂરું થયું છે. તારી સભા લઈને ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમમાં જા.'' આ વાતનો મર્મ હું સમજી કે ખ્રિસ્તી જીવન કેંદ્રમાંથી ચાલતી શબ્દમાં જીવન 'જેવી મિટીંગો માટે બીજા સ્થળોએ ચાલુ કરવાની હતી. લાંબો વખત સુધી મેં મનમાં આનાકાની કર્યા કરી,પણ અત્યારે મનને ખાત્રી થઇ કે એજ પ્રભુની ઇચ્છા છે. હું એ પણ જાણતી હતી કે જો મારી ધારણા ખોટી હશે તો છેલ્લા દસ વર્ષનું બધું કર્યું કારવ્યું ધૂળમાં મળી જશે. મને ડર લાગતો હતો !

છેવટે મેં પ્રભુની આજ્ઞા પાળી અને દેવળની નોકરી છોડી. આ એક તબકકામાંથી બીજામાં પ્રવેશવાના સમય દરમ્યાન પ્રભુએ મને સમજાવ્યું કે હવે એ મને જેનું 'કહેણ' હતું તે મારા જીવનધર્મ માટે મને અલગ તારવતા હતા. બાકી બધું અદ્‌ભુત હતું, પણ એ બધું તૈયારીનો ભાગ હતુ. માર્ગના દરેક --- જેમ જેમ મારી જવાબદારી વધતી ગઇ, પ્રભુ મને વધુ ને વધુ પ્રસ્થાપિત કરતા ગયા.

પ્રેરિતોના કૃત્યો ૧૩ઃ૨ (વિસ્તૃત)માં નોંધાયું છે કે સંતો સાથે મળીને 'ઉપાસના કરતાં હતા'. ત્યારે પવિત્ર આભાએ તેઓને કહ્યું કે, જે કામ કરવા સારુ એણે શાઉલ તથા બાર્નાલાસને બોલાવ્યા હતા, તે કામને વાસ્તે, 'હવે' તેઓને એને વાસ્તે જુદા પાડો. તેઓ સભામાં સરળ અને આશીર્વાદો લાવનારી કામગીરી બજાવતાં હતાં. પણ પ્રભુએ કહ્યું કે એના સમયપત્રક મુજબ હવે નીયત સમય આવી ગયો છે.

હું તમને પ્રોત્સાહન આપવા માંગું છું કે પ્રભુએ નીયત કરેલા સમયમાં તમે સ્વપ્નાઓ જોશો, ભવિષ્યનો ચિતાર જોશો જે પ્રભુએ તમને ફળીભૂત થયેલું આપ્યું છે. જો એણે અમુક ચોક્કસ જીવનધર્મ માટે તમને 'કહેણ' મોકલ્યું છે, તો એ તેને વખતસર પૂર્ણ પણ પડાવશે. દરેક ડગલે એને સહકાર આપો અને યાદ રાખો કે 'કહેણ' પ્રસ્થાવિત થવાની પ્રક્રિયા અને 'કહેણ' ના કર્મ માટે અલગ તારવણી એ બધું ઘણા વર્ષોના સમયગાળા દરમ્યાન બને છે. ઝીણામાં ઝીણી વિગતોમાં વફાદાર રહો. તમારો સમય પ્રભુના હાથમાં છે.

# 7
# પ્રતીક્ષા કરવામાં થાક લાગે છે ?

**જો** તમે લાંબા સમયથી પ્રતીક્ષા કરતા હો અને કશી પ્રગતિ ન દેખાઈ હોય તો કદાચ તમને રાહ જોવાનો થાક અને કંટાળો આવતો હશે. હું તમને પ્રતીક્ષા પ્રત્યે નવો, તાજો અભિગમ અપનાવવા માટે ઉત્સાહિત કરવા માંગું છું. બાઈબલ માર્ક ૪:૨૦-૨૭ માં કહે છે કે આપણે એ ખેડૂત ની જેમ ધીરજ ધરવાની છે જે ધરતીમાં બીજ વાવે છે અને પછી સમયસર વરસાદની રાહ જુએ છે. વચન આગળ ઉપર એ પણ કહે છે કે એ જ્યારે બીજમાંથી ફણગા ફટવાની રાહ જોતો હોય ત્યારે ઊઠે છે અને સૂઇ જાય છે. અને અંતે બીજ ઉગે છે. અને ખેડૂતને ખબર નથી કે કઈ રીતે.

પ્રભુએ મને આ શાસ્ત્ર વચનો દ્વારા હમણાં જે છે એ મારું જીવન જીવતાં શીખવ્યું છે જ્યારે મારા મનમાં જે જે કરવાની ઇચ્છાઓ છે તે કરી શકવાની રાહ જોઉં છું ત્યારે આપણે હવે પછી કરવાની બાબતને માટે એટલા આતુરતાથી મગ્ન થઇ જઇ એ છીએ કે જે હાથમાં છે તેનું નથી ધ્યાન રાખતા કે નથી માણતા.

મને સ્પષ્ટ અને આખેઆખું ચિત્ર દેખાયું એના દસ વર્ષ પહેલાં પ્રભુએ મને એનો ચિતાર દેખાડેલો. એ દસ વર્ષો દરમ્યાન, મને લાગે છે કે પ્રભુના નીયત કરેલા સમયની બહાર એ પૂરું પાડવાના પ્રયત્નમાં મેં ઘણો આનંદ ગુમાવ્યો.

દાખલા તરીકે, કોઇ એક સ્ત્રી જેને પાંચ બાળકો હોય એ ફરીથી સગર્ભા બની. હવે જો એ પહેલાં મહિનામાંજ બાળકને પ્રસવ આપવાની કોશિશ કરે તો મૂર્ખતાજ કહેવાય કે બીજું કંઈ ? એ જો નવા બાળકને પ્રસવ આપવાનાં ખૂબ પ્રયત્ન કર્યા કરે અને જે પાંચ પહેલેથી છે એમની બરાબર કાળજી લેવામાં નિષ્ફળ જાય તો ? આવા બનાવની મૂર્ખતા આપણે સહેલાઇથી જોઇ શકી એ છીએ. જો કે વાસ્તવમાં જુદી જુદી પરિસ્થિતિઓમાં લોક આવું જ કરતાં હોય છે.

તમારે જ્યાં પહોંચવું છે ત્યાં જવાની વાટ જોતી વખતે તમે જ્યાં છો તેનો લ્હાવો લો ! જ્યારે બાઇબલ કહે છે કે ખેડૂત ઊઠી ને ઊંઘી જાય છે, એનો અર્થ હું માનું છું કે એ પોતાની વાટ જોય છે ત્યારે પોતાની રોજ બરોજની સામાન્ય જિંદગી તો જીવતો જ રહે છે.

એક દિવસ એક ભીડ ભરેલા વિમાન મથકે એક પાદરી મળી ગયા. વિમાન મથક પર ખૂબ આવનજાવન હતી. લીફ્ટ માટે લાઇન લાગી હતી. રેસ્ટોરાંમાં ખાવા માટે લાંબી લાઈનો હતી. જ્યાં જાઓ ત્યાં રાહ જોવી પડતી હતી. હું જોઈ શકતી હતી કે આખીવાત થી પાદરી અકળાઈ ઊઠ્યા હતા. અચાનક એ પાદરી મારી તરફ ફરીને બોલ્યા. ''હું ધારું છું'' તમે જોઇ શકો છો હું સ્વસ્થતાથી રાત જોઇ શકતો નથી.

જ્યારે પણ આપણે સ્વસ્થતાથી વાટ જોવાનું શીખ્યા નથી હોતા, ત્યારે પરિણામ દેખીતાંજ હોય છે, માત્ર આપણા માનસિક વર્તનમાંજ નહીં, શારીરિક વર્તમાનમાં પણ. પ્રતીક્ષા જીવનનો મોટો હિસ્સો છે. અને જો

પ્રતીક્ષા હંમેશા અકળાણ લાવતી હોય તો એ માનસિક તાણ ઉભી કરે છે જે અંતે તો શરીરને નુકસાન પહોંચાડીને માંદગી લાવે જ છે. જે પાદરી સ્વસ્થતાથી પ્રતીક્ષા નહોતા કરી શકતા તે એ વખતે શારીરિક રીતે ઘણા માંદા હતા, જે એમના દાકતરના કહેવા પ્રમાણે વર્ષોની માનસિક તાણથી પેદા થયેલી હતી. પ્રતીક્ષા પ્રત્યે નવું વલણ અપનાવો, તો પછી એ એટલી કપરી નહીં લાગે.

વાસ્તવમાં આપણે જીવનમાં પામવામાં વીતાવીએ તેનો કરતાં વાટ જોવામાં વધુ સમય વીતાવીએ છીએ. જેની રાહ જોતા હોઈ એ તે પામ્યા પછી બીજી કશાની રાહ જોવા માંડીશું. મારો ભાવાર્થ સમજશો તો તમને તરત સમજાઈ જશે કે પ્રતીક્ષા જીવનનો મોટો હિસ્સો છે.

ધારો કે તમને પગાર વધારો મળ્યો તો પછી તમે હવે બીજો વધારો ક્યારે મળશે તેની વાટ જોવા લાગો. પહેલાં તમે તમને બાળક થાય એની રાહ જુઓ છો. પછી તેઓ બાળોતિયાં છોડી પાટલૂન ક્યારે પહેરવા માંડે તેની રાહ જુઓ છો અને થોડા જ વખત પછી તેઓ પોતાનાં પાટલૂન પોતે ક્યારે ખરીદવા માંડે એની રાહ જોવા માંડો છો ! તમે ઘર ખરીદવા માટે વાટ જુઓ છો, એ રાહ જોવાનું મટે ત્યાં તો એ ઘર માટે ઘરવખરી ખરીદવાની રાહ જુઓ છો. પછી ઘરની સાફ સફાઈ, રસોઈ, ઘરકામ માટે નોકરચાકર રાખી શકાય એની રાહ જુઓ છે. તમને મારા કહેવાનો અર્થ સમજાય છે ?

રાહ જોવાનું માણતાં શીખો, એ સમજીને કે પ્રતીક્ષા જ તમને તમારા સ્વપ્ન સુધી પહોંચાડશે. માટે ખરેખર તો એમ કહેવું જોઇએ કે 'સારી અને સ્વસ્થતાથી પ્રતીક્ષા' તમને તમારા સ્વપ્ન સુધી પહોંચાડશે. અલબત એને

સાકાર તો પ્રભુ જ કરી શકે, પણ પ્રતીક્ષા સામાન પહોંચાડનાર છોકરાની માફક છે. કોઈવાર કોઈ વ્યક્તિ રાહ જોવાનું શરૂ કરે છે અને છોકરો સામાન પહોંચાડવા આવે ત્યાં સુધીમાં એ લોકોએ બીજે કશે જતા રહીને બીજું કશું શરૂ કર્યું હોય છે. અને મોટે ભાગે એ ફળીભૂત થતા જોવાને પણ એ લોકો ત્યાં નહીં હોય.

અધીરા લોકો મોટે ભાગે લાંબો સમય એક જગ્યાએ ટકતા નથી, જેથી મહાન વસ્તુઓને પૂર્ણતાએ પહોંચતી જોઈ શકતા નથી, કેમ કે મહાન વસ્તુઓ પરિપક્વ થવામાં ઘણો સમય લે છે. મારો પતિ ડેવ હંમેશા કહે છે, ''ઝડપી અને તકલાદી, ધીરું અને ટકાઉ.'' અધીરા અને સરખી પ્રતીક્ષા ન કરી શકનારાઓની સગવડ માટે જલ્દી જલ્દી બધું ભેળસેળ કરીને આપી દેવામાં આવે તો એ ટકાઉ હોવાની સંભાવના નથી રહેતી. પણ જો, લોકો પ્રભુના નીયત કરેલા સમય માટે પ્રતીક્ષા કરવા તૈયાર હોય તો બધું બરાબર રીતસર ગોઠવાશે અને ચીર કાળ સુધી ટકશે.

કોઇ કોઇ વાર સભામાં 'ધૂમકેતુઓ' દેખાય છે– અચાનક કશેથી ફૂટી નીકળતા લોકો જે રાતોરાત દુનિયાભરમાં મશહૂર થઇ જાય છે. કેમ કે સાધારણ રીતે તેઓ એવા લોકોના જૂથના સંપર્કમાં આવ્યા હોય છે જેમનામાં તેઓને માટે દરવાજાઓ ખોલવાની શક્તિ હોય છે. એવા લોકોને સભાઓ ભાગ્યે જ ટકે છે. મોટે ભાગે તેઓ આર્થિક કે નૈતિક સમસ્યાઓમાં ફસાય છે. કેમકે ચારિત્રનું ઘડતર, પ્રતીક્ષાના કપરા કાળ દરમ્યાન થાય છે. પણ આ લોકો ચારિત્ર્ય ઘડતરના એ સમયમાંથી પસાર થયા નથી હોતા.

જો કોઈ માણસ કોઈ પણ રીતે કપરા સંજોગો દૂર રહીને રાતો રાત ઉપર આવી જાય છે, તો એવા લોકો સામાન્ય રીતે ઝાઝું ટકતાં નથી. માર્ક ૪:૫-૬ માં કહે છે કે જે બીજ રાતો રાત ઊગી નીકળે છે તો ગરમી પડતાં જ સૂકાઇ જાય છે. આખરે જ્યારે આપણે પ્રતીક્ષાના સમયનાં માન અને કદર કરતાં શીખીએ, ત્યારે પ્રભુ અંતઃકરણ પૂર્વક આપણે માટે કામ કરે છે. અને જો કે આપણે જોઇ શકતા નથી કે શું બને છે, આપણને પછી થી જેનાથી ખુશી અને આનંદ મળવાના છે તે હમણાંજ અંદરખાને બની રહ્યું છે.

# 8
# ધીરજ, મહેરબાની કરીને !

હિબ્રૂ ૬:૧૨માં બાઈબલ કહે છે કે આપણે વિશ્વાસ તથા ધીરજથી વચનોના વારસ છીએ. હવે વારસા માટે આપણે કોઈ પ્રયત્નો કરવાની જરૂર નથી હોતી. જરૂર હોય છે માત્ર નીયત સમય સુધી પ્રતીક્ષા કરવાની. દાખલા તરીકો તમે માનતા હો, કે તમને શ્રદ્ધા હોય, કે તમારા કોઈ સગાવહલા એ તમારે નામે વસિયતમાં વારસો લખી રાખ્યો છે, પણ તમારામાં ધીરજ હોવી જોઈએ અને પ્રતીક્ષા કરવી જોઈએ ઠીક સમયે એ પામવા માટે. શ્રદ્ધા અને સબૂરી બંને ભાગીદાર છે. બેઉ સાથે કામ કરે છે જોઈતાં પરિણામ લાવવા માટે.

યાકૂબ ૧:૨, ૩ (વિસ્તૃત) માં કહ્યું છે કે આપણા તરેહ તરેહનાં પરીક્ષણો થાય' ત્યારે આનંદમાં રહેવાનું છે, એ જાણકારી સાથે કે 'વિશ્વાસની પરીક્ષામાંથી પાર ઉતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે' અને જ્યારે ધીરજ પોતાનું કામ પૂરેપૂરું કરે છે, આપણો સંપૂર્ણ અને પૂર્ણ વિકસિત (પરિપકવ) લોકો થશું, કશામાં અપૂર્ણ નહીં એવા.'' વાહ ! કેવું સુંદર શાસ્ત્રવચન !

આ કડીમાં, ધીરજ માટે જે ગ્રીક શબ્દ 'હુપોમોન' વપરાયો છે, તેનો અર્થ છે 'એ જાતની ધીરજ જે માત્ર પરીક્ષામાં જ પેદા થાય છે' બીજા શબ્દોમાં કહીએ તો આપણામાં ધીરજ કેવી રીતે વિકસે જો આપણને જે જોઈતું હોય તેને માટે પ્રતીક્ષા ન કરવી પડે તો? અથવા તો પ્રતીક્ષા કરતી વેળાએ આપણને જે ન જોઈતું હોય તે સહન ન કરીએ તો?

જ્યારે આપણી પરીક્ષા થાય છે, ત્યારે આપણો વિકાસ થાય છે. અથવા તો કમસે કમ જ્યારે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દઈએ (યાકૂબ ૧:૪) ત્યારે આપણો વિકાસ થઈ શકે છે. જીવનના પ્રત્યેક મુશ્કેલ મુકામ પર વિરોધ, કડવાશ કે ભાગેડુ વૃત્તિ રાખવાની ધીરજ ઉત્પન્ન નથી થતી. યાકૂબ ૧:૪ (વિસ્તૃત) કહે છે કે આપણે સંપૂર્ણ પરિપક્વ અને કશામાં અપૂર્ણ નહીં એવા થઈ શકીએ છીએ, એક વાર ધીરજ પોતાનું કામ પૂરેપૂરું કરી લે પછી. આ વાત બહુ સહેલાઈથી જોઈ શકાય છે. જેનામાં પૂરેપૂરી ધીરજ હોય, એ વ્યક્તિ કોઈ પણ સંજોગોમાં, શાંત, સ્વસ્થ અને આનંદી રહી શકે છે.

હું પોતે ધીરજની બાબતે સંપૂર્ણ નથી, પણ એ બાબતે મારો ઘણો વિકાસ થયો છે. એક સમય હતો જ્યારે હું ખૂબજ અધીરી હતી અને સ્વસ્થતાથી પ્રતીક્ષા નહોતી કરી શકતી. આખરે મને સમજણ આવી કે પ્રભુ તો એ ના એજ રહેવાના છે. તેથી મેં નક્કી કર્યું કે મારે મારી જાતમાં પરિવર્તન લાવીને પ્રભુને અનુરૂપ થવું સારું છે. એ કહે છે કે શ્રદ્ધા અને ધીરજથી આપણે પામીએ છીએ, એટલે મેં ધીરજ કેળવવાનું નક્કી કર્યું. હું ધીરજ બાબતે વિકાસ પામી છું અને સાથોસાથ એટલાજ પ્રમાણમાં મેં શાંતિ અને આનંદ મેળવ્યાં છે.

ધીરજ આત્માનું ફળ છે. નાસ્તિકો માટે ધીરજ એક શક્તિશાળી સાક્ષી છે. એ સ્નાયુ જેવી છે જેમ જેમ વધુ ને વધુ ઉપયોગ થતો જાય, તેમ તેમ વધુ મજબૂત બને. છેવટે એ પૂર્ણ વિકસિત થઈ જાય અને છેવટે તમારે ધીરજના ક્ષેત્રે પોતાની જાતને નીરોગી રાખવા માત્ર નિયમિત કસરત જ

કરવાની રહે. નાની મોટી વિવિધ બાબતોમાં જે તમારી યોજના પ્રમાણે નબને, જેમકે તમારી આગળ ધીમા ધીમા ચાલતા કે ગાડી ચલાવતા લોકો, ધોરી માર્ગે અધવચ્ચે અટકી જતી મોટર, જીવનમાં શું ચાલે છે તેની અણસમજ અથવા જે જવાબ શોધતા હોઈએ તે જલ્દી મળતા ન હોય.

અંતે આ બધી બાબતો આપણને મદદરૂપ બને છે, જો કે જ્યારે આપણા પર વીતતું હોય ત્યારે મુશ્કેલ લાગે તેમ છતાં. આપણે જો આ સમજી શકીએ તો ધીરજની નવેસરથી કદર કરી શકીએ. હિબ્રૂ ૧૨:૧ (વિસ્તૃત) આપણને પ્રોત્સાહન આપતાં કહે છે કે ''ચાલો, આપણે સારુ ઠરાવેલી દોડની શરતમાં ધીરજભરી સહનશક્તિ અને એકધારા સક્રિય ખંતથી દોડીએ.'' દરેક દોડશરતને પૂર્ણ થવાની રેખા હોય છે. તમે એ રેખા પાર કરશો, હિબ્રૂમાં તમારે દોડવું કઈ રીતે એ કહ્યું છે.

## પોતાની જાત સાથે ધીરજ રાખો

પોતાની જાય સાથે ધીરજવાન થઈને, ધીરજથી ભરેલી જીવનશૈલીનો પાયો ચણવા માટે તમને પ્રોત્સાહન મને આપવા દો. તમે ભૂલ કરો ત્યારે પ્રભુની દયા મેળવીને દોડની પૂર્ણતાની રેખા તરફ આગળ ધપો. તમારી નબળાઈઓ ઉપર કાબૂ મેળવતાં હો ત્યારે પોતાની જાત સાથે ધીરજ રાખો. અધીરાઈ હતાશા પેદા કરે છે જે લાગણીઓના રાજ્યમાં પ્રવેશે છે અને લાગણીઓ તો અસ્થિર હોય છે. પછી આપણે વધુ ભૂલો કરવા લાગીએ છીએ. એનાં કરતાં પહેલેથી જ પોતાની જાત સાથે ધીરજ રાખીએ તો આમ ન થાય.

દબાણ કરતાં ધીરજથી લોકો વધુ ઝડપથી સુધરે છે ! ધીરજ સાથે ઉદાર બનો. પોતાની જાતને અને બીજાને એ છુટ્ટે હાથે આપો. એના ફાયદાઓ તમને ખુશખુશાલ કરી નાખશે. લૂક ૮:૧૫ (વિસ્તૃત) કહે છે, ''ધીરજથી સતત ફળ આપે છે.''

# 9
# મારું સ્વપ્ન ક્યારે સાકાર થશે?

તમારા સ્વપ્ન ને સાકાર કરવાની પ્રક્રિયા હમણાં આ ઘડીએ ચાલુ છે! ચૂલા પર એ રંધાય છે. તમે સાંભળ્યું હશે કે ''બહુ જોયા કરીએ તે વાસણમાં કશાને ઉકાળો આવતો નથી.'' મારું તો કહેવું છે કે માત્ર રોજ બ રોજના જીવનમાંથી વધુ માં વધુ મેળવો. પોતાના ભાગનું કામ કરો. પ્રભુના ભાગનું કામ કરવાની કોશિશ ન કરો.

દરેક વસ્તુનો એક સમય હોય છે. પ્રભુના સમયપત્રક પ્રમાણે. માત્ર એજ એના વિશે જાણે છે. પ્રભુ પર વિશ્વાસ રાખીને એનું સન્માન કરો. અને જ્યારે તમે સ્વપ્નની સાકારતા ના માર્ગે સફર કરતા હો, ત્યારે દરેક ડગલાની મોજ માણો !

એ ક્યારે આવશે એ તમને કોઈ નહીં કહી શકે, પણ એટલી ખાત્રી રાખજો કે એ આવશે જ, બરાબર સમય સર.

વિશ્વાસ રાખો અને પ્રભુની રક્ષામાં રહો.

# નવજીવનનો અનુભવ

તમે જો હજી સુધી કદી ઈસુ ને તમારા જીવનમાં તમારા દેવ અને ઉગારનાર તરીકે આમંત્રણ ન આપ્યું હોય, તો હવે એમ કરવા હું તમને આમંત્રણ આપું છું. તમે આ પ્રાર્થના કરી શકો છો, અને જો તમે એમાં ખરેખર પ્રામાણિક હશો તો, તમે ખ્રિસ્તમાં નવું જીવન અનુભવશો.

*પરમપિતા પ્રભુ, હું માનું છું કે જગતનો ઉગારનાર, ઈસુ ખ્રિસ્ત, તારો પુત્ર છે. હું માનનું છું કે એ વધસ્તંભ ઉપર મારે માટે મર્યો, અને એણે મારા બધાં પાપ વહન કર્યાં, મારે બદલે એ નર્કમાં ગયો અને એણે કબરમાં મૃત્યુ પર વિજય મેળવ્યો. હું માનું છું કે ઈસુનું મૃત્યુ પામેલાઓમાંથી પુનરુત્થાન થયું હતું અને હવે એ તારા જમણા હાથે બેઠેલો છે. મને તારી જરૂર છે ઈસુ. મારાં પાપો ક્ષમા કર, મને ઉગાર, મારી અંદર રહેવા આવ. મારે ફરીથી જનમવું છે.*

હવે ભરોસો રાખો કે ઈસુ તમારી અંદર જીવે છે. તમને ક્ષમા મળી છે અને તમનને ન્યાયી બનાવવામાં આવ્યા છે, અને જ્યારે ઈસુ આવશે ત્યારે તમે સ્વર્ગમાં જશો.

જ્યાં પ્રભુવચન શીખવવામાં આવતું હોય તેવું સારું દેવળ શોધીને, ખ્રિસ્તમાં વિકાસ સાધવા માંડો. પ્રભુવચનની જાણકારી વિના તમારા જીવનમાં કશુ નહીં બદલાય.

*પ્રિય,*

*યોહાન ૮:૩૧, ૩૨ (વિસ્તૃત) કહે છે કે, ‘‘જો તમે મારા વચન પ્રમાણે રહો તો તમે ખરેખર મારા શિષ્યો છો. અને તમે સત્યને જાણશો, અને સત્ય તમને મુક્ત કરશે.’’*

*હું તમને પ્રભુવચન પકડી લેવા કહું છું, એનો તમારા અંતરના ઊંડાણમાં રોપો, અને કરિંથીઓ ૨, ૩:૧૮ પ્રમાણે, તમે જેમ જેમ વચનમાં જોશો, તમે ઈસુ ખ્રિસ્તના રૂપમાં રૂપાંતર પામશો.*

*સસ્નેહ,*

*જૉયસ.*

# લેખિકા વિશે

૧૯૭૬થી જોઈસ માયર ઈશ્વરનાં વચનો શીખવે છે અને ૧૯૮૦ના વર્ષથી પૂર્ણ સમયી સેવામાં છે. જોઈસના ‘‘શબ્દમાં જીવન છે’’ નામનો રેડિયો કાર્યક્રમ દેશમાં પ્રસારીત થાય છે અને ટેલિવિઝન કાર્યક્રમ સમસ્ત વિશ્વમાં પ્રસારીત થાય છે તેઓ સમસ્ત વિશ્વમાં પ્રવાસ ખેડી ‘‘શબ્દમાં જીવન જીવે છે.’’ કોનફરન્સમાં જીવન પરિવર્તન કરનાર સંદેશા આપે છે.

જોઈસ અને તેમના પતિ ડેવીડને ચાર સંતાનો છે. તેઓ સેંટ લુઈસ મીસુરીમાં નિવાસ કરે છે.